# કાળા નાણાં અંગે શ્વેત પત્ર રજૂ

નવી દિલ્હી,તા. ૨૧

કાળા નાણાં ઉપર શ્વેત પત્ર આજે સરકારે સંસદમાં રજૂ કરી દેતા તેને લઈને ભારે ચર્ચા રહી હતી. આમા કોઈના પણ નામનો ઉલ્લેખ કરવામા આવ્યો નથી પરંતુ કાળાનાણાની સમસ્યાને દૂર કરવા માટે લોકપાલ અને લોકાયુક્તની રચના કરવાની બાબતનો ઉલ્લેખ કરવામા આવ્યો છે. નાણામંત્રી પ્રણવ મુખર્જી દ્વારા લોકસભામા રજૂ કરવામા આવેલા શ્વેતપત્રમાં દેશની અંદર અને દેશની બહરા કાળાનાણાને લઈને સરકારી મૂલ્યાંકન પણ રજૂ ન કરાતા સભ્યોમાં નારાજગીનુ મોજુ ફરી વળ્યુ છે. જો કે આમા અન્ય એજન્સીઓના મૂલ્યાંકનનો ઉલ્લેખ કરવામા આવ્યો છે. શ્વેતપત્રમા નાણાકીય અપરાધને ડામવા માટે ફાસ્ટ્રેક કોર્ટનો ઉલ્લેખ કરવામા આવ્યો છે. સાથે સાથે અપરાધીઓને કઠોર દંડ ફટકારવાની બાબતનો પણ ઉલ્લેખ



કરવામા આવ્યો છે. ડેબિટ અને ક્રેડિટ કાર્ડના ઉપયોગને પ્રોત્સાહન આપવા માટે શ્વેત પત્રમાં કર રાહતોની દરખાસ્ત પણ મૂકવામા આવી છે. એટલે કે લેવડ દેવડ ઉપર ચાંપતી નજર રાખવામા આવશે. કાળાનાણાની સમસ્યાને દૂર કરવા માટે છુટછાટની સ્કીમ ખાસ કરીને સોનાની જમા કરવાની સ્કીમ અંગે શ્વેત પત્રમા કહેવામા આવ્યુ છે કે સંપૂર્ણ રીતે કરવેરા રાહતના મુદ્દા પર ધ્યાન આપવાની જરૂર છે. લોકપાલ અને લોકાયુક્ત જેવી સંસ્થાઓ અંગે શ્વેતપત્રમાં કહેવામા આવ્યુ છે કે આ સંસ્થાઓની શક્ય તેટલી વહેલી તકે રચના કરવામા આવે તે જરૂરી છે કેન્દ્રમા લોકપાલ અને રાજ્યોમાં લોકાયુક્ત બનાવવામા આવે તે જરૂરી છે. ભ્રષ્ટાચારના મામલાઓમાં ઉંડી ચકાસણી ઝડપથી આગળ વધે તે જરૂરી છે. દોષિતો સામે કઠોર કાર્યવાહી થવી જોઈએ. સિવિલ સોસાયટીના દબાણના કારણે સરકાર રાજ્યસભમા લોકપાલ બિલ પસાર કરી શકી નથી. જો કે લોકસભામા ગયા સત્રમાં આને પસાર કરવાનો સફળતા મળી હતી. પ્રણવ મુખર્જી દ્વારા રજૂ કરવામા આવેલા શ્વેત પત્રાં અન્ય ઘણા મુદ્દાનો સ્પષ્ટ કરવામા આવ્યો છે.

## લોકપાલ બિલ આજે રજૂ થાય તેવા સંકેત

નવી દિલ્હી, તા. ૨૧

સંસદના વર્તમાન સત્રમાં રાજ્યસભામાં લોકપાલ બિલને આવતીકાલે મંગળવારે રજૂ કરવામા આવે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. વર્તમાન સંસદ સત્રમાં રાજ્યસભામા લોકપાલ બિલ રજૂ કરવાનો સંકેત આપતા સરકારે આજે રાજ્યસભાના સભ્યો વચ્ચે લોકાયુક્તની જોગવાઈ સાથે સંબંધિત લોકપાલ બિલમાં સુધારા માટે એક નોટિસ વિતરીત કરી હતી. નોટિસમાં અન્ય બાબતો ઉપરાંત કહેવામા આવ્યુ છે કે લોકાયુક્તની જોગવાઈ એવા રાજ્યોમાં લાગુ કરવામા આવશે જે રાજ્યોમાં આ સંબંધિત દરખાસ્તો રજૂ કરવામા આવે છે. સુધારા મારફતે તૃણમુલ કોંગ્રેસના નેતા મમતા બેનર્જી અને અન્ય કેટલાક વિરોધપક્ષોના વાંધાઓને દૂર કરવાના પ્રયાસ કરાયા છે. સરકાર




આવતીકાલે બજેટ સત્ર પૂર્ણ થતા પહેલા રાજ્યસભામાં બિલ લાવવાની યોજના પર કામ કરી રહી છે. અલબત્ત આવતીકાલના આદેશપત્રના એજેન્ડામાં લોકપાલ બિલ સામેલ નથી. આ પ્રક્રિયામાં સામેલ રહેલા કેન્દ્રીય પ્રધાને કહ્યુ હતુ કે મંગળવારે મહત્વપૂર્ણ નિર્ણય લેવામા આવી શકે છે. અત્રે નોંધનીય છે કે લોકસભામાં લોકપાલબિલ પસાર થઈ ગયા બાદ રાજ્યસભામાં લોકપાલ બિલ અટવાઈ પડ્યુ છે. આની જોગવાઈને લઈને તૃણમુલ કોંગ્રેના નેતા સહિત ઘણા રાજકીય પક્ષો વિરોધ કરી ચુક્યા છે.

## કાશ્મીરમાં તોયબાનો ત્રાસવાદી મોતને ઘાટ

જમ્મુ, તા. ૨૧

જમ્મુ કાશ્મીરના કિશ્તવાર જિલ્લાના વન્ય વિસ્તારમાં આજે સવારે થયેલા ગોળીબારમાં સુરક્ષાદળોએ લશ્કરે તોયબાના એક આતંકવાદીને ઠાર મારી દીધો હતો. લશ્કરી સૂત્રોએ માહિતી આપતા કહ્યું હતું કે અપ્સર હુસૈન નામનો આ શખ્સ થોડાક મહિના પહેલા એક સૈનિકની હત્યામાં સામેલ હતો. જમ્મુથી આશરે ૨૪૦ કિલોમીટરના અંતરે સ્થિત કિશ્તવારના પરમલમાં થયેલા ગોળીબારમાં આ ત્રાસવાદી ઠાર થયો છે. તેની પાસેથી સુરક્ષાદળોએ મોટી માત્રામાં વિસ્ફોટકોનો જથ્થો જપ્ત કર્યો છે જેમાં એકે૪૭ રાયફલનો પણ સમાવેશ થાય છે. જમ્મુ કાશ્મીરમાં સુરક્ષાદળોના આક્રમણ પગલાં અને તીવ્ર પેટ્રોલીંગના કારણે હાલના દિવસોમાં આતંકવાદી ગતિવિધી ઘટી છે. ત્રાસવાદી પ્રવૃત્તિઓ ઘટી જતાં જનજીવન બિલકુલ સામાન્ય બન્યુ છે. સુરક્ષાદળો ત્રાસવાદી હિંસાને રોકવા સ્થાનિક લોકોના પણ સંપર્કમાં આવ્યા છે. સ્થાનિક લોકો સાથે સંપર્ક વધતા કુખ્યાત ત્રાસવાદીઓ અંગે ગુપ્ત માહિતી મળી રહી છે. ઘૂસણખોરી પણ ત્રાસવાદીઓની ઘટી ગઈ છે. સરહદ ઉપર સુરક્ષાદળોએ પેટ્રોલીંગને તીવ્ર બનાવી દીધી છે.

## પંજાબમાં બે ત્રાસવાદીઓની ધરપકડ

હોશિયારપુર, તા. ૨૧

પંજાબમાં બો કુખ્યાત ત્રાસવાદીઓની ધરપકડ કરી લેવામાં આવી છે. તેમની પાસેથી મોટી માત્રામાં મોતનો મસાલો કબજે કરવામાં આવ્યો છે. તેમની પાસેથી જપ્ત કરવામાં આવેલા શસ્ત્રોમાં બે પિસ્તોલ, ત્રણથી ચાર કિલોગ્રામ આરડીએકસનો સમાવેશ થા છે. પંજાબમાં આતંકવાદીની ધરપકડને લઈને તંત્રમાં ફરી એકવાર ચિંતાનું મોજું ફળી વળ્યું છે.

હોશિયારપુર વિસ્તારમાં પોલીસ દ્વારા બાતમીના આધાર ઉપર આ ધરપકડ કરવામાં આવી છે. બંને આતંકવાદીઓના નામ હજુ સુધી પોલીસ દ્વારા જાહેર



કરવામાં આવ્યા નથી. પોલીસને શંકા છે કે નામ જાહેર કરવાથી તપાસ આડે અડચણો ઊભી થઈ શકે છે. ધરપકડ કરવામાં આવેલા શખ્સોના ટોચના આતંકવાદીઓ સાથે સંબંધ હોઈ શકે છે. હાલના દિવસોમાં અનેક વખત એવા અહેવાલ આવી ચૂક્યા છે કે પંજાબમાં ત્રાસવાદી પ્રવૃત્તિ પુન સજીવન કરવાના પ્રયાસો ચાલી રહ્યા છે. વિદેશમાં બેઠેલા પંજાબ સંબંધિત આતંકવાદીઓ સ્થાનિક લોકોનો સંપર્ક કરી તેમની ગતિવિધી શરૂ કરવા ઈચ્છુક બનેલા છે. જો કે હજુ સુધી આ સંબંધમાં કોઈ નેટવર્ક પંજાબમાં પકડાયું નથી.

આ બે શકમંદ ત્રાસવાદીઓની ધરપકડથી નવી વિગત સપાટી ઉપર આવી શકે છે.

## દિલ્હી-કોલકાતા વચ્ચે આજે ફાઈટ ટુ ફિનીશ જંગ

નવી દિલ્હી,તા. ૨૧

હાઈપ્રોફાઈલ ઈન્ડિયન પ્રીમિયર લીંગ હવે તેના અંતિમ તબક્કામાં છે. અનેક પ્રકારના વિવાદોમાં ઘેરાયા બાદ આઈપીએલ-૫ના હવે નિર્ણાયક તબક્કો શરૂ થશે. ચાર અંતિમ ટીમો નક્કી થઈ ચૂકી છે જેમાં દિલ્હી, મુંબઈ, કોલકાતા, અને ચેન્નાઈનો સમાવેશ થાય છે. આવતીકાલે ૨૨મી મેના દિવસે ક્વાલિફાયર-૧માં લીગમાં ટોપ ઉપર રહેલી દિલ્હીની ટીમ કોલકાતા સામે ટકરાશે. કોલકાતા યાદીમાં બીજા સ્થાને છે. આ મેચમાં વિજેતા થનાર ટીમ ફાઈનલમાં પ્રવેશ કરશે જ્યારે ક્વાલિફાયર-૨માં ૨૩મી મેના દિવસે મુંબઈ ચેન્નાઈ સામે ટકરાશે. હારી જનાર ટીમ સ્પર્ધામાંથી બહાર જશે જેથી ફાઈટ ટુ ફિનિસનો તબક્કો આવતીકાલથી આઈપીએલમાં શરૂ થશે. ડેલ સ્ટેને ચાર ઓવરમાં માત્ર ૮ રન આપી ત્રણ વિકેટ ઝડપી લઈને ચિત્ર ફેરવી કાઢ્યું હતું. આ આશ્ચર્યજનક નિર્ણયના લીધે વર્તમાન ચેમ્પિયન ચેન્નાઈને નવી લાઈફ મળી ગઈ હતી અને ચેન્નાઈની ટીમ હવે અંતિમ ચારમાં પ્રવેશી ગઈ છે. ચાર ટીમોની વાત કરવામાં આવે તો દિલ્હી ૧૬ મેચમાં ૧૧ જીત સામે ૨૨ પોઈન્ટ સાથે પ્રથમ સ્થાને છે. ચાર ટીમો પૈકી ઈલીમીનેટરમાં વિજેતા બનનાર ટીમ ૨૫મી મેના દિવસે ક્વાલિફાયર-૧ની હારી ગયેલી ટીમ સામે ટકરાશે.

## ટેસ્ટ પોઝીટીવ આવશે તો તે ક્રિકેટ છોડી દેશે : રાહુલ

નવી દિલ્હી, તા. ૨૧

ભારત અને પૂણે વોરિયર્સના ખેલાડી રાહુલ શર્માએ આજે કહ્યું હતું કે જો તેના બ્લડ ટેસ્ટ ડ્રગ્સ માટે ટેસ્ટ પોઝીટીવ આવશે તો તે ક્રિકેટ છોડી દેશે. નિર્દોષ હોવાનો દાવો કરી રાહુલ શર્માએ કહ્યું છે કે તે આ મામલામાં કોઈપણ રીતે શામે નથી લેગ સ્પિનર રાહુલ શર્માની પણ મુંબઈમાં રેવ પાર્ટી દરમિયાન અટકાયત કરી લેવામાં આવી હતી. જો કે બ્લડ ટેસ્ટ અને યુરીન ટેસ્ટ કરવામાં આવ્યા બાદ તમામને છોડી મુકવામાં આવ્યા છે. રાહુલ શર્માની સાથે-સાથે પૂણે વોરિયર્સના સાથી ખેલાડી વાયને પારનેલની પણ અટકાયત કરવામાં આવી હતી. અન્ય ૯૪ લોકોની પણ અટકાયત કરવામાં આવી હતી. રાહુલ શર્માએ કહ્યું હતું કે તે નિર્દોષ છે પરંતુ જો બ્લડ ટેસ્ટના રીપોર્ટ પોઝીટીવ આવશે તો તેક્રિકેટ છોડી દેશે રાહુલે કહ્યું હતું કે ટીમ મેનેજમેન્ટમાં તેમને સંપૂર્ણ વિશ્વાસ છે. ખેલાડીઓના બ્લડ ટેસ્ટના રીપોર્ટ આગામી થોડાક દિવસમાં આવે તેવી શક્યતા છે. મુંબઈની હોટલમાં આયોજીત રેવ પાર્ટીમાં તે હાજર હોવાના અહેવાલને રદિયો



આપ્યો છે. જો કે કબુલાત કરી છે કે તે એક જન્મ દિવસની ઉજવણી કરવા તે હોટલમાં ગયો હતો. વાયને પારનેલ પણ તેની સાથે હતો.

હોટલમાં રેવ પાર્ટી ચાલી રહી હતી તે અંગે તેને માહિતી ન હતી. રાહુલે કહ્યું છે કે તેઓ સાંજે ૭.૦૦ વાગે હોટલમાં પહોંચ્યા હતા. અમે પહોંચ્યાના અડધા કલાક બાદ જ પોલીસે દરોડો પાડ્યો હતો. શર્માએ કહ્યું હતું કે પોલીસ સાથે તે સંપૂર્ણ સહકાર કરી રહ્યો છે. તે ક્યારેય શરાબને સ્પર્શ કરતો નથી તેવો દાવો પણ રાહુલે કર્યો છે.

## પાકિસ્તાનમાં ટ્વીટર પરથી પ્રતિબંધ આખરે દૂર કરાયો

ઈસ્લામાબાદ, તા. ૨૧

મોહમંદ પૈઈગમ્બરના કાર્ટુનના મામલે ભારે હોબાળો થયા બાદ થોડાક સમય સુધી માઈક્રો બ્લોગિંગ સાઈટ ટ્વીટર ઉપર પ્રતિબંધ મૂક્યા બાદ આ સેવા ફરી શરૂ કરી દેવામાં આવી છે. ટ્વીટરની સેવા ફરી શરૂ થતાં તંત્રને મોટી રાહત થઈ છે. પાકિસ્તાનના અધિકારીઓએ પૈઈગમ્બર મોહમંદના કાર્ટુન મારફતે હિંસા ફેલાવવાનો આક્ષેપ મૂકીને ટ્વીટર ઉપર પ્રતિબંધ મૂકી દીધો હતો. પરંતુ હવે ટ્વીટરની સેવા પુનઃ શરૂ કરી દેવામાં આવી છે. પાકિસ્તાનના જુદા જુદા વિસ્તારોમાં ટ્વીટર શરૂ ન કરાતા આને લઈને લોકોએ નારાજગી વ્યક્ત કરી હતી. માહિતી અને પ્રસારણ મંત્રાલયના અધિકારીઓએ કહ્યું છે કે ટ્વીટર ઉપર ઉશ્કેરણીજનક સામગ્રીના ફેલાવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો અને તેના પર પ્રતિબંધ મૂકી દેવાયો હતો. હવે તેના પરથી પ્રતિબંધ ફરી ઉઠાવી લેવાયો છે. નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે ટ્વીટર પરથી વાધાજનક સામગ્રી દૂર કરવા આદેશ આપવામાં આવ્યા બાદ તેનો કોઈ જવાબ ન મળતાં પ્રતિબંધ લાદવામાં આવ્યો હતો. વિદેશ મંત્રાલયે અનેક વખત ટ્વીટરનો સંપર્ક કર્યો હતો. પરંતુ કોઈ જવાબ મળ્યો ન હતો. પાકિસ્તાનમાં આશરે ૬૦ લાખ લોકો ટ્વીટરનો ઉપયોગ કરે છે. દરમિયાનમાં પાકિસ્તાનના ગૃહપ્રધાન રહેમાન મલિકે કહ્યું છે કે ટ્વીટર ઉપર કોઈ પ્રતિબંધ મૂકવામાં આવ્યો નથી.

## રાજીવ ગાંધીની પુણ્યતિથીએ સમગ્ર રાષ્ટ્રે શ્રદ્ધાંજલિ આપી

નવી દિલ્હી, તા. ૨૧

રાષ્ટ્રે આજે ભૂતપૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીને તેમની ૨૧મી પુણ્યતિથીએ શ્રદ્ધાંજલિ આપી હતી. રાષ્ટ્રપતિ પ્રતિભા પાટિલ, ઉપરાષ્ટ્રપતિ મોહમંદ હમીદ અન્સારી, વડાપ્રધાન મનમોહનસિંહ, લોકસભા અધ્યક્ષ મીરા કુમાર, યુપીએના અધ્યક્ષ અને સ્વર્ગસ્થ નેતાના વિધવા સોનિયા ગાંધીએ તેમના મેમોરિયલ વીર ભૂમિ ખાતે શ્રદ્ધાંજલિ આપી હતી. ગાંધીના બાળકો પણ પુણ્યતિથિએ પુષ્પાંજલિ આપવા માટે પહોંચ્યા હતા. કોંગ્રેસના જનરલ સેક્રેટરી રાહુલ ગાંધી અને પ્રિયંકા તેમના પતિ રોબર્ટ વાઢેરા સાથે શ્રદ્ધાંજલિ આપવા માટે પહોંચ્યા હતા. રાજીવ ગાંધીની પુણ્યતિથીને આંતંકવાદ વિરોધી દિવસો પણ મનાવવામાં આવે છે. આતંકવાદી વિરોધી દિવસ તરીકે આને મનાવવા પાછળ ઘણા હેતુ રહેલા છે. આતંકવાદી હિંસાના સકંજામાંથી યુવાનોને દૂર રાખવાના પ્રયાસ રૂપે આને આતંકવાદ વિરોધી દિવસ તરીકે મનાવવામાં આવે છે. તે દિવસે સામાન્ય લોકોને ત્રાસવાદના કારણે થઈ રહેલી તકલીફોથી વાકેફ કરવામાં આવે છે. અત્રે નોંધનીય છે કે ૨૧મી મે ૧૯૯૧ના દિવસે રાજીવ ગાંધીની ચૂંટણી પ્રચાર દરમિયાન તામિલનાડુમાં હત્યા કરી દેવામાં આવી હતી. શ્રી પેરામ્બુદુરમાં તેમની હત્યા કરાઈ હતી.



દેશમાં જુદા જુદા ભાગોમાં પણ રાજીવ ગાંધીને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. રાજીવ ગાંધીને શ્રદ્ધાંજલિ આપવા સાથે સંબંધિત વિવિધ કાર્યક્રમો યોજાયા હતા જેમાં કોંગ્રેસ એકમોના નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા. રાજીવ ગાંધી ભારતના સૌથી નાની વયના વડાપ્રધાન બન્યા હતા. ૪૦ વર્ષની વયે રાજીવ ગાંધી વડાપ્રધાન બની ગયા હતા. રાજીવ ગાંધીને રાજકીય કુશળતા વિરાસતમાં મળી હતી. તેમના માતા ઈન્દિરા ગાંધી અને દાદા જવાહરલાલ નહેરુ પણ દેશના વડાપ્રધાન રહી ચૂક્યા હતા. રાજીવ ગાંધી દેશને ટેકનોલોજીના યુગમાં લઈ જવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. ૨૦મી ઓગસ્ટ ૧૯૪૪ના દિવસે મુંબઈમાં તેમનો જન્મ થયો હતો.

### મોંઘેરા મોતી (પાના નં. ૪ નું ચાલુ)

તેમની કલમે લખાયેલ પુસ્તકોમાં,

(૧) પરોઢ (ગીત + ગઝલ સંગ્રહ)
(૨) નાભિકમળ (ભજનસંગ્રહ)
(૩) જપ લે હરિકા નામ (ભજન સંગ્રહ) છે.

**આગામી પ્રકાશનોની તૈયારી તેમણે આદરી છે.**

(૧) હું વત્તા તું ઉર્ફે અજવાળું (ગીત + ગઝલ સંગ્રહ)
(૨) ક્ષણનો એક્સ-રે (નવલિકા સંગ્રહ)
(૩) ઝાકળમાં ઝૂક્યું નભ (લઘુકથા સંગ્રહ)
(૪) હાલો હરિના દેશમાં (ભજન સંગ્રહ)
(૫) સાથિયા પૂરાવો રાજ (ગરબા સંગ્રહ)

અનેક પીડાઓ સહન કરવાની સાથે સાથે પાંચ વર્ષ પહેલાં તેવી શુભેચ્છા તેમના કાનમાંથી નીકળતાં જીવતા કીડાની વેદના લાગલગાટ ત્રણ વર્ષ ગાંધીનગર, અમરેલીના તબીબોની સારવાર લીધી હતી. પણ ભગવાન સૌનો છે ને? બધાં દિવસો દુઃખથી ભરેલાં થોડાં હોય?

પરંતુ જોરસંગ જેવા યુવાનો કેટલા? જોરસંગ એક ધૂની માણસ છે. પ્રૌઢ શિક્ષણની તેની લગનીમાં ઘણો તરવરાટ જોવા મળે છે.


જોરસંગ જેવા યુવાનોથી આ દેશની પ્રકૃતિ બદલાઈ જશે. કોઈ નવાં જ પરોઢની આશા જાગી છે. લાખણકા ગામનો જોરસંગ મનમાં છવાઈ ગયો છે! હજુ પણ હું જોરસંગને ભૂલી શક્યો નથી. ધૂની જોરસંગ પઢિયાર! ઉર્ફે બાપુ બંકડો!

## ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી સૌથી લોકપ્રિય નેતા

નવી દિલ્હી,તા. ૨૧

યુપીએ સરકારે શાસનમાં આઠ વર્ષ પરિપૂર્ણ કરી લીધા છે. આઠ વર્ષ પૂરા થવાની પૂર્વ સંધ્યાએ એક સર્વેક્ષણમાં જણાવવામાં આવ્યું છે કે કોંગ્રેસના નેતૃત્વમાં આ ગઠબંધને પોતાની ચમક ગુમાવી દીધી છે. જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી સૌથી લોકપ્રિય નેતા તરીકે ઊભરી આવ્યા છે. મુખ્યમંત્રી મોદી વડાપ્રધાન મનમોહનસિંહ અને કોંગ્રેસના મહાસચિવ રાહુલ ગાંધી કરતા પણ આગળ નીકળી ગયા છે. એબીપી ન્યૂઝ નેલસનના સર્વેમાં જણાવવામાં આવ્યું છે કે જો હાલમાં ચૂંટણી





યોજાઈ જાય તો ભાજપને ૨૮ ટકા વોટ મળશે. જ્યારે કોંગ્રેસને માત્ર ૨૦ ટકા મત મળશે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે સત્તામાં આઠ વર્ષ પરિપૂર્ણ કર્યા બાદ યુપીએનું આકર્ષણ ખતમ થઈ રહ્યું છે. નરેન્દ્ર મોદી પ્રથમ વાર સૌથી લોકપ્રિય નેતા તરીકે ઊભરી રહ્યા છે. વડાપ્રધાન મનમોહનસિંહ અને રાહુલ ગાંધી કરતા પણ આગળ નીકળી ગયા છે.

ચેનલના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે દેશના ૨૮ શહેરોમાં કરાવવામાં આવેલા સર્વેમાં આ બાબત પણ જાણવા મળી છે કે ભાજપ લોકોની સૌથી પસંદગીની પાર્ટી તરીકે ઊભરીને બહાર આવી છે. આમા જણાવવામાં આવ્યું છે કે જો હાલમાં ચૂંટણી યોજાય તો વર્ષ ૨૦૦૯ની ચૂંટણી દરમિયાન જે લોકોએ કોંગ્રેસની તરફેણમાં મતદાન કર્યું હતું તે લોકો પૈકી માત્ર ૬૯ ટકા લોકો જ આ વખતે પણ તેની પક્ષમાં મતદાન કરવા ઈચ્છુક છે. વર્ષ ૨૦૦૯માં સામાન્ય ચૂંટણી યોજાઈ હતી જેમાં કોંગ્રેસને ૨૦૭ બેઠકો મળી હતી જ્યારે ભાજપને ૧૧૬ બેઠકો મળી હતી. આ વખતે ભાજપની સ્થિતિ વધુ મજબૂત દેખાઈ રહી છે. નરેન્દ્ર મોદી મનમોહનસિંહ અને રાહુલ ગાંધી કરતા પણ આગળ દેખાઈ રહ્યા છે. ભાજપના વરિષ્ઠ નેતાઓ મોદીને આગળ કરવામાં ખચકાટ અનુભવ કરી રહ્યા છે પરંતુ સર્વેક્ષણ દર્શાવે છે કે દેશના લોકો મોદીની વ્યાપક તરફેણ કરે છે.

## કુખ્યાત ત્રાસવાદી કસાબને હવે જેલમાં માત્ર શાકાહારી ભોજન

મુંબઈ, તા. ૨૧

૨૬/૧૧માં મુંબઈમાં થયેલા ભીષણ આતંકવાદી હુમલા દરમિયાન જીવતા પકડી પાડવામાં આવેલા આતંકવાદી અજમલ કસાબને હવે જેલમાં નોનવેજ આપવાનો બંધ કરવાનો નિર્ણય કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. કસાબને જેલમાં બિરયાની અને અન્ય ચીજવસ્તુ હવે અપાશે નહીં. કસાબ હાલ આર્થરરોડ જેલમાં છે. આ અગાઉ કુક તરીકે કામ કરી રહેલા છ પોલીસ જવાન કસાબને ક્યારે ક્યારેક નોનવેજ ભોજન પણ આપતા હતા. મુંબઈ પોલીસે વિરોધ વ્યક્ત કર્યા બાદ હવે નોનવેજને બંધ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. ગયા મહિનેથી નોનવેજ યાદીમાંથી દુર કરી દેવાતા હવે કસાબને માત્ર શાકાહારી ભોજન જ આપવામાં આવે છે. જેલના એક અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે જેલમાં નોનવેજ ખાવાની મંજુરી નથી. જેથી હવે કસાબને માત્ર શાકાહારી બોજન આપવામાં આવે છે. આ અગાઉ જ્યારે આશરે ડઝન જેટલા પોલીસ કર્મીઓ અને કસાબ માટે ભોજન બનાવવાની તૈયારી થતી હતી ત્યારે કેટલીક વખત નોનવેજ બનાવવા માટે પણ પોલીસ કર્મીઓ તૈયાર થતા હતા. પરંતુ હવે કસાબને એજ ભોજન અપાય છે જે કેદી બનાવે છે. આ અગાઉ કસાબને ડિનર સાંજે આપવાની વ્યવસ્થા હતી. પરંતુ હવે કસાબને ડિનર સાંજે ત્રણ વાગે જ આપી દેવામાં આવે છે. કારણ કે આ જેલમાં બેરેક્સના બંધ થવાનો સમય થાય છે. આશરે બે ડઝન વિચારણા હેઠળ રહેલા કેદી અને અન્યો જેલમાં ભોજન બનાવે છે. આ અગાઉ કસાબના સેલની બહાર તૈનાત મુંબઈ પોલીસ કર્મી પોતાના માટે જમવાનું બનાવતા હતા. જેલના સુત્રોએ કહ્યું છે કે તેઓ વચ્ચે વચ્ચેમાં નોનવેજ પણ બનાવતા હતા. ક્યારે ક્યારેક બિરયાની પણ બનાવતા હતા. પરંતુ ગયા મહિને પોલીસના કુક હટાવી દેવામાં આવ્યા છે. જેથી કસાબને હવે એ જ ભોજન મળે છે જે અન્ય કેદીઓને મળે છે. અગાઉ પોલીસ કસ્ટડીમાં પૂછપરછ દરમિયાન પણ કસાબને નોનવેજ ભોજનની વ્યવસ્થા કરવામાં આવતી હતી. કસાબ અને સાત જેલરો માટે આર્થરરોડ જેલમાં રહેલા છ કુક સામે મુંબઈ પોલીસ વાંધો ઉઠાવ્યો હતો. ગેરકાયદેરીતે કુકના જેલમાં ટ્રાન્સફર પોલીસ સ્ટાફના એક આંતરીક સમીક્ષામાં જાણવા મળ્યા બાદ હોબાળો મચી ગયો હતો. ત્યારબાદ આ કુકને તેમની મુળ જગ્યાએ તરત મોકલી દેવાના આદેશ જારી કરવામાં આવ્યા હતા. રિવ્યુ ટીમે એવું શોધી કાઢ્યુ કે ત્રણ વર્ષ પહેલા મુંબઈ પોલીસના એક હેડકુક સહિત ત્રણ કુકને નઈ ગાંવ, વરલી અને તારદેવથી કોઈપણ ખાસ કારણ વગર આર્થરરોડ જેલમાં મોકલી દેવામાં આવ્યા હતા. આ કુક જ્યોતિરામ સતાર, કૃષ્ણ તુરાષ્કર અને જગદીશ શેટ્ટી છે. આ કુક સાત જેલરોની સાથે સાથે કસાબ માટે પણ જમવાનું બનાવતા હતા. એપ્રિલ મહિનામાં આ કુક પોતાની જગ્યાએ પોસ્ટિંગ થઈ ચુક્યા છે.

પહેલા રાજ્યોની જેલોમાં કેદીઓને નોનવેજ આપવાની વ્યવસ્થા હતી પરંતુ થોડાક વર્ષ પહેલા નોનવેજનો નિર્ણય બંધ કરાયો હતો. આ મામલામાં ઓરંગાબાદ કોર્ટમાં કેટલાક કેદીઓએ અપીલ પણ દાખલ કરી છે. પરંતુ કોઈ ચુકાદો આવ્યો નથી.

## એર ઈન્ડિયામાં કટોકટી ૧૪મા દિવસે પણ યથાવત

નવી દિલ્હી, તા. ૨૧

એર ઈન્ડિયામાં કટોકટી આજે ૧૪મા દિવસે પણ યથાવત રીતે જારી રહી હતી. પાઈલોટોની હડતાળના કારણે એર ઈન્ડિયાનું નુકશાન દિન પ્રતિદિન વધી રહ્યું છે. આ નુકશાન વધીને હવે ૨૦૦ કરોડ રૂપિયાથી પણ વધુ થઈ ગયું છે. હડતાળને ઉકેલવાના પ્રયાસો થઈ રહ્યા હોવા છતા હજુ સુધી સમસ્યાનો નિકાલ આવી રહ્યો નથી. એર ઈન્ડિયા મેનેજમેન્ટ અને પાઈલોટો પોતપોતાની માંગણી ઉપર મક્કમ બનેલા છે. નાગરિક ઉડ્ડયન પ્રધાન અજીતસિંહ અને કોર્ટે હડતાળનો અંત લાવવા સુચના આપી હોવા છતા હડતાળી પાઈલોટો ઝુંકી રહ્યા



નથી. એર લાઈન્સના સુત્રોએ કહ્યું છે કે ઘણી આંતરરાષ્ટ્રીય ફ્લાઈટો રદ કરવામાં આવી છે. પશ્ચિમી દેશોમાં માટે સાત જ ફ્લાઈટો ઉડાણ ભરી રહી છે. સામાન્ય રીતે આ દેશો માટે દરરોજ ૧૦૦ ફ્લાઈટો હોય છે. શનિવારના દિવસે પણ હડતાળનો અંત લાવવા સરકારે અપીલ કરી હતી. માંગણી તરફ ધ્યાન આપવાની પણ ખાતરી આપવામાં આવી છે. બીજી બાજુ એર ઈન્ડિયા ટેક્સ ૪૫૪ કરોડ સુધી પહોંચી ગયો છે. એર લાઈન્સે વચન આપ્યુ છે કે સરકારી મદદ મળી ગયા બાદ તે તરત જ બાકી ટેક્સની ચુકવણી કરી દેશે. આ અગાઉ પાંચ મહિના પહેલા ટેક્સ બાકી હોવાના કારણે એર લાઈન્સના ખાતા સીલ કરી દેવામાં આવ્યા હતા. સત્તાવાર સુત્રોનું કહેવું છે કે એર ઈન્ડિયા પર કુલ સર્વિસ ટેક્સ ૩૯૫ કરોડ રૂપિયા બાકી છે. આ ઉપરાંત ૧૫ ટકા વ્યાજદર છે. આ ગણીને કુલ બાકી ટેક્સ ૪૫૪ કરોડ થાય છે. પાઈલોટોની હડતાળનો વહેલીતકે અંત આવે તેવા કોઈ સંકેત દેખાઈ રહ્યા નથી. કારણ કે બંને પક્ષો પોતપોતાની માંગણી ઉપર મક્કમ બનેલા છે.